### ભાલ પંથકમાં સોના જેવા પાકની લણણી ટાણે જ મેઘરાજાની એન્ટ્રીથી ખેડૂતો પાયમાલ

# ખંભાત-તારાપુર પંથકમાં માવઠાએ રવિ પાકને ખેદાન-મેદાન કરી નાંખ્યો

**ઘઉં, ચણા** અને જુવાર જમીનદોસ્ત થતા જગતનો તાત આર્થિક સંકટમાં



(પ્રતિનિધિ) ખંભાત તા.21

ખંભાત અને તારાપુર તાલુકાના ભાલ પંથકમાં અચાનક વાતાવરણમાં આવેલા પલટાએ ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવી લીધો છે. ભારે પવન અને કમોસમી વરસાદને કારણે તૈયાર થયેલો રવિ પાક ખેતરોમાં જ ઢળી પડતા ખેડૂતો ભારે આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. મોંઘા ભાવના બિયારણ અને રાત-દિવસની મહેનત બાદ જ્યારે પાક લણવાનો સમય આવ્યો, ત્યારે જ કુદરતે કહેર વર્તાવતા હવે ખેડૂતો સરકાર પાસે વળતરની આશા રાખી રહ્યા છે.

ખંભાતના દહેડા ગામના ખેડૂત મહેશભાઈ રાઠોડે વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, ચણાનો પાક તૈયાર હતો ત્યારે જ માવઠું પડતા પાક પલળી ગયો છે. આ પલળેલા ચણાની ગુણવત્તા બગડતા બજારમાં યોગ્ય ભાવ નહીં મળે તેવી ભીતિ સેવાઈ રહી છે. અન્ય યુવા ખેડૂત અજયસિંહ રાઠોડના જણાવ્યા અનુસાર, ૧૦ વીઘામાં વાવેલા ચણા વરસાદને કારણે કાળા પડી ગયા છે. આ નુકસાન એટલું ગંભીર છે કે હવે આ પાક પશુઓના ઘાસચારા (ભૂસા) તરીકે પણ ઉપયોગમાં લઈ શકાય તેમ નથી.

તારાપુર અને ખંભાત પંથકમાં માત્ર ચણા જ નહીં, પણ ઘઉં અને જુવારને પણ ભારે નુકસાન થયું છે. ખેડૂતોના મતે, ઘઉંની ઉંબીઓમાં પાણી ભરાઈ જવાથી દાણાનો રંગ બદલાઈ જશે, જેના કારણે ઘઉંનો લોટ કાળો પડશે અને બજારમાં તેની કિંમત ઘટી જશે. દહેડાના ખેડૂત વિક્રમસિંહ રાઠોડની 10 વીઘાની જુવાર તેજ પવનને કારણે આડી પડી ગઈ છે, જે હવે પશુઓને ખવડાવવા લાયક પણ રહી નથી. ભાલ પંથકમાં આ ઉપરાંત તમાકુ અને ટામેટીના પાકને પણ માઠી અસર પહોંચી છે.

#### ખેડૂતોની માંગ , તત્કાલ સર્વે કરી સહાય આપો

કુદરતી આફત સામે લાચાર બનેલા ભાલ પંથકના ખેડૂતોએ સરકાર પાસે વળતરની માંગ કરી છે. ખેડૂતોની વિનંતી છે કે સરકાર વહેલી તકે નુકસાનીનો સર્વે કરાવીને યોગ્ય આર્થિક સહાય જાહેર કરે, જેથી દેવાના ડુંગર નીચે દબાયેલો ખેડૂત ફરી બેઠો થઈ શકે.

### નડિયાદમાં મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટનો પ્રારંભ



નડિયાદ ખાતે રાજ્યના મંત્રી સંજયસિંહ મહિડા અને સાંસદ દેવુસિંહ ચૌહાણે દીપ પ્રાગટ્ય કરી બે દિવસીય મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટનો ખુલ્લુ મુક્યું હતું. શ્રીઅન્નને ભવિષ્યનો ખોરાક ગણાવી નાગરિકોને દૈનિક આહારમાં પૌષ્ટિક મિલેટનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો હતો. આ પ્રદર્શનમાં મિલેટ અને પ્રાકૃતિક પેદાશોના 26 સ્ટોલ્સ દ્વારા ખેડૂતોની વિવિધ શ્રેષ્ઠ પેદાશોનું પ્રદર્શન કરાયું છે. નડિયાદના નગરજનો 22મી માર્ચ દરમિયાન આ મેળામાં શુદ્ધ અને સાત્વિક આહારની ખરીદી કરી શકશે. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

### કથળેલું તંત્ર | આર્થિક સંકડામણને કારણે કર્મચારીઓને દેવું કરવાની નોબત

# ખેડા જિલ્લા પંચાયત માર્ગ-મકાનના કર્મીઓ ૩ મહિનાથી પગારથી વંચિત

**જિલ્લા વિકાસ** અધિકારી સામે આક્રોશ: ઉકેલ ન આવે તો આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) નડિયાદ તા.21

નડિયાદ સ્થિત ખેડા જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગમાં વહીવટી શિથિલતા અને સંકલનના અભાવે કર્મચારીઓનો છેલ્લા ત્રણ મહિનાનો પગાર અટવાયો છે. જિલ્લા વિકાસ અધિકારી સહિતના ઉચ્ચ અધિકારીઓના કથળેલા વહીવટને કારણે કાયમી તેમજ આઉટ સોર્સિંગ હેઠળના નાના કર્મચારીઓની હાલત અત્યંત કફોડી બની છે.

ખેડા જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગના કર્મચારીઓના પરિવારોમાં ભારે અસંતોષ જોવા ળી રહ્યો છે. છેલ્લા ત્રણ માસથી વેતન ન મળતા મધ્યમ અને ગરીબ વર્ગના કર્મચારીઓના ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. મકાનનું ભાડું ભરવા, બાળકોની સ્કૂલ ફી ચૂકવવા અને રોજિંદી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ માટે કર્મચારીઓને હવે દેવું કરવાની નોબત આવી છે. તંત્ર દ્વારા માત્ર ફાઈલો પ્રોસેસમાં હોવાના અથવા બજેટ-ગ્રાન્ટના ટેકનિકલ પ્રશ્નોના બહાના બતાવીને સમય પસાર કરવામાં આવી રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

વહીવટી તંત્રની આ લાપરવાહીને કારણે આર્થિક અને માનસિક રીતે પરેશાન કર્મચારીઓ પોતાની ફરજ યોગ્ય રીતે બજાવી શકતા નથી, જેની સીધી અસર સરકારી કામકાજ પર જોવા મળી રહી છે. વારંવારની રજૂઆતો છતાં કોઈ સકારાત્મક ઉકેલ ન આવતા હવે કર્મચારી સંગઠનોમાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો છે.

જો આગામી દિવસોમાં તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે તમામ બાકી પગાર ચૂકવવામાં નહીં આવે, તો કર્મચારીઓએ એકત્રિત થઈને કામગીરીનો બહિષ્કાર કરવાની અને ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ વિવાદને કારણે સમગ્ર જિલ્લા પંચાયતની છબી ખરડાઈ રહી છે.

# તારાપુરના ફતેપુરામાં જુગાર રમતા બે પકડાયાં, છ ફરાર

**આણંદ લોકલ** ક્રાઇમ બ્રાંચે રૂ. 45 હજારની રોકડ સાથે દબોચ્યાં

(પ્રતિનિધિ) તારાપુર તા.21

આણંદ ગુના શોધક શાખાએ તારાપુરમાં મોટી કાર્યવાહી હાથ ધરી છે. ફતેપુરા-પચેગામ રોડ પર આવેલા મહાદેવના મંદિરના ઓટલા પર હાર-જીતનો જુગાર રમી રહેલા શખસો પર પોલીસે ઓચિંતો દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે બે શખસોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા, જ્યારે અન્ય છ શખસો પોલીસને જોઈને નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ યશપાલસિંહ જયેન્દ્રસિંહને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ રેડ કરવામાં આવી હતી. જોકે, પોલીસ કાફલાને આવતો જોઈ જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. પરંતુ પોલીસે સ્થળ પરથી વિજય ઉર્ફે મામુ ઘનશ્યામ ગોહેલ અને રાજેશ ઉર્ફે રાજુ ચંદુ સોલંકી (બંને રહે. ફતેપુરા) ને ઝડપી લીધા છે. પોલીસે સ્થળ પરથી કુલ રૂ. 45,300ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

આ કડક કાર્યવાહી દરમિયાન છ શખસો ભાગી છૂટ્યા હતા, જેમાં દિલીપ ભગવાન રાઠોડ, અજીત આશા ગોહેલ, ભરત ઉર્ફે પાલી વજેસંગ ગોહેલ, મયુર વજુ શિણોલ, વિજય ઉર્ફે ભોલો ધીરુ ગોહેલ અને મનુ દાદુ રાઠોડનો સમાવેશ થાય છે. આ તમામ ફરાર આરોપીઓ વિરુદ્ધ જુગાર ધારાની કલમ-12 મુજબ ગુનો દાખલ કરી તેમને ઝડપી લેવા પોલીસે કવાયત તેજ કરી છે.

# બોરસદમાં હોમ ડિલિવરીથી જ ગેસ સિલિન્ડર આપવા નિર્ણય

**પીએનજી** કનેક્શન હોવા છતાં એલપીજી સિલિન્ડરની નોંધણી કરાવનાર ગ્રાહકોની નોંધણી બંધ કરાઇ

(પ્રતિનિધિ) બોરસદ તા.21

બોરસદ શહેર અને તાલુકામાં મોટાભાગના સંજોગોમાં ગેસ ગ્રાહકો જાતે જ ગેસ એજન્સી જઈ સિલિન્ડર પોતાના વાહનોમાં લઈ આવતા હોય છે પરંતુ હાલ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને એજન્સી ને સરકારના પરિપત્ર મુજબ દરેક એલપીજી ગેસ સિલિન્ડર ગ્રાહકને ઓનલાઈન બુકિંગ કરાવ્યા બાદ ગેસ સિલિન્ડર હોમ ડિલિવરીથી જ પહોંચાડવાનો નિર્ણય કર્યો છે.

મળતી માહિતી મુજબ અગાઉના સમયમાં ગેસ સિલિન્ડર ખાલી થઈ ત્યારે ત્યારે ગેસ ધારક દ્વારા જાતે જ ગેસ એજન્સી એ જઈ સિલિન્ડર રૂબરૂ લઈ આવતા હતા પરંતુ હવેથી ફરજિયાત નોંધણી કરાવ્યા બાદ ક્રમશ સિલિન્ડર ફાળવણી કરવામાં આવતી હોય તો રૂબરૂ આવીને લઈ જનાર ગેસ ધારકો ને સિલિન્ડરની ડિલિવરી કરવાનું બંધ કરવામાં આવ્યું છે. અને તમામ ગેસ સિલિન્ડર ધારકોને ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાયા બાદ હોમ ડીલીવરીથી જ સિલિન્ડર પહોંચાડવાનું તંત્ર દ્વારા નક્કી કરવામાં આવેલ છે . હાલ 24 કલાકની અંદર નોંધણી કરાયેલ ગ્રાહકને ઘરે બેઠા ગેસનો સિલિન્ડર પહોંચતો કરવામાં આવી રહ્યો છે.

નવા નિયમ મુજબ 2024 થી જે ગેસ બોટલ ગ્રાહક દ્વારા સિલિન્ડરની નોંધણી કરાવી ડિલિવરી કરાવેલ ના હોય અને હાલ પરિસ્થિતિને સમજી ઘરે પીએનજી કનેક્શન હોવા છતાં એલપીજી સિલિન્ડરની નોંધણી કરાવવા જતા હોય તેવા ગ્રાહકોની નોંધણી એજન્સીઓ દ્વારા જ બંધ કરી દેવામાં આવેલ છે.

જેઓના ઘરે પીએનજી કનેક્શન છે તેમ છતાં એલપીજી જૂનું કનેક્શનમાં સિલિન્ડર નોંધાવી ઘરે સંગ્રહ કરવા માગતા હોય તેને ધ્યાનમાં રાખી તંત્ર દ્વારા હાલ આ નિર્ણય લેવામાં આવેલ છે અને પીએનજી કનેક્શન હોય તેમ છતાં એલપીજી કનેક્શન ચાલુ રાખી ઘરે સિલિન્ડરનો સંગ્રહ કરી રાખ્યો હોય તેવા કનેક્શન જમા કરાવી દેવા માટે સૂચના આપવામાં આવી છે.

### ‘ અભયમ ’ની ટીમે વ્હારે આવી દીકરીને આપ્યું નવું જીવન

# મહેમદાવાદ પાસે યુવતીનું અપહરણ કરી છેડતી કરી

**જીવ બચાવી** ભાગેલી યુવતી નર્સરીમાં બેભાન હાલતમાં મળી આવી

(પ્રતિનિધિ) મહેમદાવાદ તા.21

શ્રદ્ધા અને ભક્તિના માર્ગે નીકળેલી એક નિર્દોષ યુવતી માટે રવિવારનો દિવસ કપરો સાબિત થયો હતો. નેનપુર ચોકડી પાસે આવેલા મંદિરે બીજ ભરવા જતી મહેમદાવાદ પંથકની એક યુવતીનું ત્રણ અજાણ્યા શખ્સોએ અપહરણ કરી છેડતીનો પ્રયાસ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. જોકે, મોત સામેની લડાઈમાં હિંમત બતાવી યુવતી બચી નીકળી હતી અને 181 ‘અભયમ’ની ટીમે તેને પિતૃવત હૂંફ પૂરી પાડી સુરક્ષિત રીતે પરિવારને સોંપી માનવતા મહેકાવી છે.

આ અંગે મળતી વિગત મુજબ, યુવતી જ્યારે એકલી બીજ ભરવા જઈ રહી હતી, ત્યારે ઈકો ગાડીમાં આવેલા ત્રણ અજાણ્યા શખ્સોએ તેની એકલતાનો લાભ લીધો હતો. નરાધમોએ યુવતીની આંખમાં ધૂળ નાખી તેને બળજબરીથી ગાડીમાં બેસાડી દીધી હતી. ચાલુ ગાડીએ શખ્સોએ તેની છેડતી શરૂ કરતા યુવતીએ જીવ બચાવવા માટે જોરજોરથી બૂમો પાડી હતી. આ સંઘર્ષ દરમિયાન સદનસીબે ગાડીનો દરવાજો ખુલી જતાં યુવતીએ નીચે કૂદકો મારી દીધો હતો.

આ ગાડીમાંથી છૂટીને યુવતી જીવ બચાવવા પાસેના નર્સરીના ખેતરમાં દોડી ગઈ હતી, પરંતુ અતિશય ગભરાટ અને ડરના કારણે તે ત્યાં જ બેભાન અવસ્થામાં ઢળી પડી હતી. આ અંગે કોઈએ 112ને જાણ કરતાં તેઓએ 181 મહિલા હેલ્પ લાઈન ખેડાની ટીમને જાણ કરતાં તેઓ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. યુવતી એટલી હદે ડરેલી હતી કે તે કોઈપણ પુરુષને જોતા જ રડવા લાગતી હતી.

આખરે, દીકરીને સ્વસ્થ કરી અભયમની ટીમે હવે તમે સુરક્ષિત છો તેવી સાંત્વના આપી તેને શરબત પીવડાવી શાંત કરવામાં આવી હતી. ધીરે ધીરે યુવતીએ આપવીતી જણાવી હતી. યુવતી આગળ કોઈ કાર્યવાહી કરવા માંગતી ન હોવાથી, તેની ઈચ્છાને માન આપી ટીમે તેને સુરક્ષિત રીતે તેના પરિવાર સુધી પહોંચાડી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### મહિસાગરના ‘ નળ સે જળ ’ કૌભાંડમાં ‘ સ્માર્ટ ’ પોલીસ ‘ મોટા માથાઓ ’ સામે પાંગળી?

# મહિસાગરના કૌભાંડમાં કરોડોનું કરી જનારા ‘મગરમચ્છો’ હજુ પણ આઝાદ

**નાના માછલાં** જેલના સળિયા પાછળ, સીઆઈડીની શંકાસ્પદ કામગીરી સામે ઉઠતા વેધક સવાલો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.21

આધુનિક ટેકનોલોજી અને મોબાઈલ લોકેશનના જોરે પાતાળમાંથી પણ ગુનેગારને શોધી કાઢવાનો દાવો કરતી ગુજરાત પોલીસની ‘સ્માર્ટનેસ’ 123 કરોડના ‘નળ સે જળ’ કૌભાંડમાં જાણે ધૂળ ચાટતી થઈ ગઈ છે. રાજ્યના આ બહુચર્ચિત કૌભાંડમાં તપાસ એજન્સીઓ માત્ર નાના ઈજારદારોને જેલમાં ધકેલી સંતોષ માની રહી છે, જ્યારે મુખ્ય સૂત્રધારો સામે પોલીસનું ‘સૂચક મૌન’ અનેક શંકાઓને જન્મ આપી રહ્યું છે.

આશ્ચર્યની વાત તો એ છે કે, જેમના મોબાઈલ ફોન સતત ચાલુ છે અને જે વગદાર હસ્તીઓ ખુલ્લેઆમ ફરી રહી છે, તેમને પકડવામાં સીઆઈડી ‘નિષ્ફળતા’નું નાટક કરી રહી હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો મુજબ, જાગૃત નાગરિકોએ આ આરોપીઓના ચોક્કસ લોકેશનની વિગતો તપાસ એજન્સીને પહોંચાડી હોવા છતાં, પોલીસના હાથ કેમ થંભી ગયા છે તે એક સળગતો સવાલ છે.

સામાન્ય ગુનાઓમાં ગણતરીની મિનિટોમાં ગુનેગારને દબોચી લેતી પોલીસ આ કરોડોના કૌભાંડમાં કેમ ‘ભીની બિલાડી’ બની ગઈ છે? શું આ મોટા ગજાના ઈજારદારોને કોઈ ઉચ્ચ સ્તરીય રાજકીય રક્ષણ મળી રહ્યું છે કે પછી તપાસમાં જાણીજોઈને વિલંબ કરી આરોપીઓને છટકબારી આપવામાં આવી રહી છે? ટેકનિકલ સોર્સ હોવા છતાં આરોપીઓ સુધી ન પહોંચવું એ તપાસ એજન્સીની ક્ષમતા સામે સવાલ ઉભા કરે છે અને સ્પષ્ટ સંકેત આપે છે કે આ મામલે ‘દાળમાં કંઈક કાળું’ નહીં પણ આખી દાળ જ કાળી છે.

#### ગ્રામ્ય વિસ્તારને પાણી માટે વલખાં

મહિસાગર જિલ્લામાં નળ સે જળ કૌભાંડમાં ચાલેલી રહેલી કાયદેસરની કાર્યવાહીમાં ગ્રામ્ય વિસ્તારની પ્રજાને તરસ્યા રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઇ છે. આ કરોડોના કૌભાંડમાં લોકો સુધી એક ટીપું પાણી પહોંચ્યું નથી. બીજી તરફ ધરપકડનો દોર સતત ચાલુ છે. પરંતુ યોજના અટવાઇ પડી છે.

### ઉમરેઠમાં સિંધી સમાજ દ્વારા ભગવાન ઝુલેલાલની જન્મજયંતીની ભવ્ય ઉજવણી



ઉમરેઠમાં સિંધી સમાજ દ્વારા ચેટીચંડના પર્વે ભગવાન ઝુલેલાલની 1076મી જન્મજયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરાયું હતું. આ યાત્રામાં ભક્તોએ ‘બહેરાણા સાહેબ’ની પૂજા કરી ‘ઝુલેલાલ બેડાપાર’ના નાદ સાથે વાતાવરણ ભક્તિમય બનાવ્યું હતું. ડીજેના તાલે વિવિધ વિસ્તારોમાં ફરેલી શોભાયાત્રામાં સિંધી પરિવારોએ ઉમળકાભેર જોડાઈને એકબીજાને નવા વર્ષની વધાઈ આપી હતી. યાત્રાના અંતે નાસિકવાળા હોલ ખાતે ભગવાનની મહાઆરતી અને પ્રસાદ વિતરણ સાથે પર્વની હર્ષોલ્લાસપૂર્વક પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. **તસવીર : ધનંજય શુક્લ**

# કપડવંજ શહેરમાં રખડતા ઢોરોનો આતંક યથાવત

જાગૃત નાગરિકો દ્વારા તાત્કાલિક ‘ સ્પેશિયલ ડ્રાઈવ ’ શરૂ કરવાની માંગ

(પ્રતિનિધિ) કપડવંજ તા.20

કપડવંજ શહેરના મુખ્ય માર્ગો પર રખડતા ઢોરોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે, જેના કારણે શહેરવાસીઓમાં ભય અને આક્રોશનો માહોલ સર્જાયો છે. વારંવારની રજૂઆતો છતાં નગરપાલિકા તંત્ર દ્વારા આ બાબતે કોઈ અસરકારક પગલાં ન લેતા પ્રશ્નો ઊભા થયા છે.

કપડવંજ શહેરના મુખ્ય માર્ગો પર દિવસભર ઢોરો ખુલ્લેઆમ ફરી રહ્યા છે, જેના કારણે ટ્રાફિકમાં અવરોધ ઊભો થાય છે અને અકસ્માતોની સંભાવના સતત વધી રહી છે. ખાસ કરીને શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, વડીલો અને બાઈકચાલકો માટે આ પરિસ્થિતિ અત્યંત જોખમી બની રહી છે. અનેક વિસ્તારોમાં ઢોરોના ઝુંડ રસ્તાની વચ્ચે જ બેસી રહેતા હોવાથી વાહનચાલકોને પસાર થવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, શહેરમાં અગાઉ પણ ઢોરોના કારણે અકસ્માતના બનાવો બની ચૂક્યા છે, તેમ છતાં કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી. નગરપાલિકાની આ ઉદાસીનતા સામે લોકોમાં નારાજગી વધી રહી છે. જાગૃત નાગરિકોએ પ્રશ્ન ઉઠાવ્યો છે કે, જો કોઈ ગંભીર અકસ્માત સર્જાશે અથવા નિર્દોષ વ્યક્તિ ઢોરની અડફેટે આવશે તો તેની જવાબદારી કોણ લેશે ? હાલમાં, તાત્કાલિક અસરથી રખડતા ઢોરોને પકડીને યોગ્ય સ્થળે ખસેડવા માગણી ઉઠી છે.

## તારાપુરમાં હદપારી હુકમનો ભંગ કરનાર રીઢો તસ્કર પકડાયો

(પ્રતિનિધિ) તારાપુર તા.21

તારાપુર પોલીસે નાઈટ પેટ્રોલીંગમાં 'નાની ચોકડી' પાસે શંકાસ્પદ શખસની અટકાયત કરી હતી. આ શખસની પૂછપરછ કરતાં તે જયેંદ્રસિંહ ઉર્ફે જયુ ઉર્ફે ભોલો ઉર્ફે ડીબી દિનેશભાઇ ચૌહાણ (રહે. મહીયારી) હોવાનું જણાવ્યું હતું. જોકે, આ શખ્સ સામે અગાઉ ચોરી અને ઝઘડાના અનેક ગુનાઓ નોંધાયેલા હોવાથી તેને આણંદ, ખેડા, અમદાવાદ ગ્રામ્ય અને વડોદરા એમ કુલ ચાર જિલ્લામાંથી 24 મહિના માટે હદપાર (તડીપાર) કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. બીજી ઓગસ્ટ 2025થી અમલી આ હુકમનો ભંગ કરી, કોઈપણ સક્ષમ અધિકારીની પરવાનગી વગર આણંદ જિલ્લામાં પ્રવેશતા તારાપુર પોલીસે તેની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.

### મહિસાગરમાં આંગણવાડી બહેનોનો પડતર માંગણીઓ મુદ્દે પણ વિરોધ યથાવત

# લુણાવાડા-વીરપુરની આંગણવાડી બહેનો દ્વારા કેન્દ્રોને તાળાબંધી કરાઈ

**વેતન વધારો** અને ઓનલાઈન કામગીરીના બોજ સામે સરકારને ચીમકી




તસવીરઃ નાથુસિંહ પરમાર

(પ્રતિનિધિ) વીરપુર તા.21

લુણાવાડા અને વીરુપર તાલુકાની આંગણવાડી કાર્યકરોએ પોતાની વિવિધ પડતર માંગણીઓને લઈને સરકાર સામે મોરચો માંડ્યો છે. વીરપુર સ્થિત ધોળેશ્વર મંદિર ખાતે સતત ત્રીજા દિવસે પણ 400 જેટલી આંગણવાડી બહેનોએ એકત્રિત થઈને ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ આંદોલનને પગલે બંને તાલુકાના તમામ આંગણવાડી કેન્દ્રો બંધ રાખીને બહેનો હડતાળ પર ઉતરી ગઈ છે.

આ અંગે આંગણવાડી કાર્યકરોનો આક્ષેપ છે કે તેઓ વર્ષોથી બાળ પોષણ, રસીકરણ અને અન્ય સરકારી યોજનાઓમાં મહત્વની ભૂમિકા ભજવે છે, તેમ છતાં તેમને મળતું વેતન અત્યંત ઓછું છે. આ ઉપરાંત, પોષણ ટ્રેકર એપ, ડેટા એન્ટ્રી અને ઓટીપી જેવી ઓનલાઈન કામગીરીના ભારણને કારણે કાર્યકરોની મુશ્કેલીમાં વધારો થયો છે, જેના માટે યોગ્ય સુવિધા કે ઈન્સેન્ટિવ આપવામાં આવતું નથી. આંગણવાડી બહેનોએ સરકારને સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો તેમની આ માંગણીઓ વહેલી તકે સંતોષવામાં નહીં આવે, તો આગામી સમયમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે અને જરૂરી પડે તો આગામી ચૂંટણીનો બહિષ્કાર પણ કરવામાં આવશે.